ગાંધીનગર સમાચાર

# પાલનપુરમાં વ્યાજખોરોના ત્રાસથી યુવાન દ્વારા આત્મહત્યાનો પ્રયાસ



પાલનપુર, તા. ૨૫

પાલનપુરમાં સરકારી કચેરીના જોરાવર પેલેસના મુખ્ય દરવાજા પાસે વડગામના યુવાને કાળું પ્રવાહી પીને આત્મહત્યા કરવાની કોશિશ કરી ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર વડગામના રહેવાસી બિહારી સોકતખાન અહેમદખાન ઓટો પાર્ટસનો ધંધો કરે છે. છેલ્લા કેટલાય સમયથી વડગામ પંથકમાં વ્યાજે નાણા આપતા વ્યાજખોરો શખ્સોના ત્રાસથી પીડિત યુવાને આત્મહત્યા કરવાની ચીમકી થોડા સમય અગાઉ ઉચ્ચારી હતી. જો કે તંત્ર દ્વારા વ્યાજખોર સામે કોઈ પગલા ના લેવાતા આજે જિલ્લા મથક પાલનપુરમાં આવેલ સરકારી કચેરીના જોરાવર પેલેસના મુખ્ય દરવાજા પાસે આવીને પીડિત યુવાને અચાનક કાળુ પ્રવાહી પીને બેહોશ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. જો કે કોંગ્રેસના મોંઘવારી મુદ્દે ધરણા હોવાથી પોલીસ પણ હાજર હતી. જેથી પોલીસને જાણ થતાં તાત્કાલિક યુવાને બેહોશ હાલતમાં પોલીસની ગાડીમાં પાલનપુર સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. સિવિલ સ્થાનિક તબીબોએ પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવામાં આવ્યો હતો.

## દાંતીવાડાનાં આરખી ગામે મુસ્લિમ પરિવારોના મકાનોને આગ ચાંપનાર ૭૦ વિરૂદ્ધ ફરિયાદ

ડીસા, તા. ૨૫

દાંતીવાડા તાલુકાના આરખી ગામે આજથી પાંચેક માસ અગાઉ હિન્દુ યુવતીના અપહરણના બનાવ અંગે મુસ્લિમ યુવક સામે ફરિયાદ થઈ હતી. જેમાં મુસ્લિમ યુવકના કબજામાંથી સગીર યુવતીને છોડાવી તેના પરિવારજનોને સોંપી પોલીસે આ મામલે મુસ્લિમ યુવક વિરૂદ્ધ બળાત્કાર અને સગીર બાળકો સાથે જાતીય અત્યાચારના કાયદા પોક્સો મુજબ ગુનો નોંધી તેને જેલ હવાલે કર્યો હતો. જોકે આ અદાવતનો બદલો લેવા ગઈકાલે શનિવારે કેટલાક લોકોએ આરખી ગામે પહોચી મુસ્લિમ પરિવારોના મકાનો અને મિલકતને આગ ચાંપી હતી. જેમાં ૧૦લાખથી વધુની સંપત્તિ ખાખ થતા પાંથાવાડા પોલીસે ૭૦ વ્યક્તિઓના ટોળા પર ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# બનાસ ડેરીના ભ્રષ્ટાચારની તપાસ માટે ચોકસી અધિકારીની નિમણુંક

પાલનપુર, તા. ૨૫

બનાસડેરીના તત્કાલીન ચેરમેન દ્વારા પોતાના મળતીયાઓ અને સગા સંબંધીઓને ટેન્ડરો પધરાવી દઈને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચર્યો હોવાના આક્ષેપો થવા પામ્યા છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટે પણ ચેરમેન દ્વારા આચરવામાં આવેલ ભ્રષ્ટાચાર અંગે તપાસ કરવા આદેશ કરતાં રાજ્ય રજીસ્ટાર સહકારી મંડળીઓ ગાંધીનગર દ્વારા સ્પેશ્યલ તપાસ અધિકારી (ચોકસી અધિકારી)ની નિમણુંક કરતાં મસમોટુ કૌભાંડ બહાર આવવાની શક્યતાઓ જણાતા તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળ તેમજ તેમના મળતીયાઓના પગ નીચેથી જમીન સરકી રહી છે.

ધી બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. પાલનપુર (બનાસડેરી)માં છેલ્લા ૨૫ વર્ષ ઉપરાંતના સમયથી એક હથ્થુ અને મનસ્વી રીતે નિર્ણય લેનાર બનાસ ડેરીના તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળ સામે બરણી ખરીદી કૌભાંડ, બારદાન, દાણના રો મટેરીયલ્સ, બાંધકામ તેમજ માલની હેરફેરના પરિવહનના કોન્ટ્રાક્ટમાં કરોડો રૂપિયાની ખાયકી કરી હોવાના આક્ષેપો ઉઠવા પામ્યા છે. જ્યારે તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળ દ્વારા બનાસડેરીમાં પોતાની સત્તા ટકાવી રાખવા માટે સરકારની સામે પણ લોકોને ઉશ્કેરીને બનાસ ડેરીમાં તોડફોડ અને અધિકારીઓ પર પણ હૂમલો કરાવવામાં આવ્યો હતો. જો કે, પરથીભાઈ સામે થયેલ ભ્રષ્ટાચારના આક્ષેપો અંગે ગુજરાત હાઈકોર્ટ દ્વારા તાત્કાલિક તપાસ કરવા માટે હૂકમ કર્યો હતો. જેથી રાજ્ય રજીસ્ટાર સહકારી મંડળીઓ ગાંધીનગર દ્વારા બનાસડેરીના તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળ દ્વારા આચરવામાં આવેલ સરકારની મંજુરી વગર કરવામાં આવેલ બાંધકામ, ચેરમેનના મળતીયાઓને આપવામાં આવેલ પરિવહનનો કોન્ટ્રાક્ટ, કરોડો રૂપિયાની બારદાન ખરીદી, બનાસ દાણમાં વપરાતા રો મમટેરીયલ ખરીદી, રાજસ્થાનથી ખરીદવામાં આવતા દૂધ તેમજ ચરમેન પરથીભાઈ ભટોળ દ્વારા એજન્ડા વગર મનસ્વી નિર્ણયો લઈ આચરાયેલ ભ્રષ્ટાચાર અંગે સ્પેશ્યલ તપાસ કરવા માટે સ્પેશ્યલ તપાસ અધિકારી (ચોકસી અધિકારી) તરીકે એસ.એન. જોષી, (જિલ્લા રજીસ્ટારશ્રી, સહકારી મંડળીઓ, ફડચા અધિકારી-૧, અમદાવાદ)ની નિમણુંક કરવામાં આવી છે. જેથી ચોકસી અધિકારી દ્વારા ઉપરોક્ત તમામ મુદ્દાઓ ઉપર ઝીણવટભરી રીતે તપાસ કરતાં તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળ દ્વારા આચરવામાં આવેલ કૌભાંડનો આંકડો અબજોએ આંબી જાય તેમ છે. તેમજ ચેરમેન તેમજ તેમના મળતીયાઓને પણ જેલમાં જવાનો વારો આવે તેવી શક્યતાઓ જણાઈ રહી છે.

### દિન-૩૦માં તપાસ કરી અહેવાલ સુપરત કરવા રાજ્ય રજીસ્ટારનો આદેશ



## દલિત યુવાનને માર મારી અપહરણ કરનાર આરોપીની ધરપકડ કરવા આવેદનપત્ર અપાયુ

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં રામપાર્ક નવરાત્રીમા ગરબા રમવા ગયેલા યુવાન કૃણાલ પરમારને ડુઘરવાડા ગામના વિનયભાઈ પટેલ, ગફુર ઉર્ફે જય પટેલ, અનંતભાઈ પટેલ, પ્રણવભાઈ પટેલ સહિત અન્ય શખ્સોએ રામપાર્ક સર્કલ નજીક બાઈક પર અપહરણ કરી જાતિવિષયક અપશબ્દો બોલી, મુઢ માર મારી બેહોશ હાલતમાં છોડીને ફરાર થઈ ગયા હતા. આ અંગે યુવકના પિતાએ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. બનાવના ત્રણ દિવસ વિતવા છતાં આરોપીઓની ધરપકડ ન થતાં અરવલ્લી જિલ્લાના દલિત ૧૦૦થી વધુ યુવાનોએ અરવલ્લી જિલ્લા પોલીસવડાને આવેદનપત્ર આપવા પહોંચ્યા હતા. પરંતુ જિલ્લા પોલીસવડા બહાર હોવાથી તેમના વતી અરવલ્લી જિલ્લા ઈન્ચાર્જ એલ.સી.બી. પી.આઈ. રવિ બારોટે આવેદનપત્ર સ્વીકાર્યું હતું અને આરોપીઓને ઝડપી પાડવા હૈયાધારણા આપી હતી. યુવાનોનએ આવેદનપત્ર આપી માંગ કરી હતી કે આરોપીઓને ૨૪ કલાકની અંદર ધરપકડ નહી થાય તો ૨૪ કલાક બાદ જિલ્લા કલેક્ટર કચેરી આગળ ગાંધી ચિંધ્યા માર્ગે ૧૦૦થી વધુ યુવાનો ભુખ હડતાળ પર ઉતરશે. દલિત યુવાનોના આવેદનપત્રથી જિલ્લા પોલીસતંત્રમાં ખળભળાટ મચી ગયો છે.

## પાલનપુરમાં વીર ફ્લેટના માલિકોને બિલ્ડરે દસ્તાવેજ ન આપતા ભારે હોબાળો

પાલનપુર, તા. ૨૫

પાલનપુરના ડેરી રોડ ઝાહાનારા બાગ પાસે આવેલા વીરકૃપા સોસાયટીમાં આવેલ વીર ફલેટમાં સને ૨૦૧૦થી લોકો રહે છે. તેઓને આજે પાંચ વર્ષના લાંબા સમય બાદ પણ ફલેટની માલિકીના દસ્તાવેજ બિલ્ડર સંજય રાવલ દ્વારા ના અપાતા અને અસભ્ય વર્તન કરાતા આજે ફલેટના રહીશોએ એકત્ર થઈ ભારે રોષ ઠાલવી દસ્તાવેજની માંગણી કરી હતી.

આ બિલ્ડર સમક્ષ અસંખ્યવાર માલિકીના દસ્તાવેજની માંગણી કરવા છતાં ફલેટ ખરીદારને હજુ સુધી તેમની માલિકીનો હક્ક મળ્યો નથી. જો કે છેલ્લા પાંચ વર્ષથી ફલેટ માલિકીના મિલ્કતના દસ્તાવેજ બિલ્ડર ના આપતા હવે ફલેટ ધારકો બિલ્ડર પર શંકા સેવી રહ્યા છે. હાલમાં શહેરમાં બિલાડીની ટોપની જેમ બિલ્ડરો દ્વારા રો હાઉસ, ફલેટ બંગલાની લોભામણી અને લલચામણીની જાહેરાત દ્વારા શહેરી જનોને આકર્ષતા હોય છે ત્યારે પોતાનો જિંદગી ભરની કમાણીથી સપનાનું ઘર ખરીદવા માટે બિલ્ડરોને મસ મોટી લાખોની રકમ આપતા હોય છે. ત્યારે બિલ્ડર દ્વારા જો ઘ ખરીદાર પાસેથી લાખોની રકમ લીધા બાદ જો પાંચ વર્ષ સુધી માલિકીના દસ્તાવેજ ના આપવામાં આવેતો બિલ્ડરોની વિશ્વસનીયતા પર સવાલ ઉભો થાય છે.



ખેડબ્રહ્મા શહેરના શીત કેન્દ્ર પાસે આજે વહેલી સવારે માર્ગ પર પુરપાટ ઝડપે દોડી આવતી જીપ અને ટ્રેક્ટર ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને પગલે કલાકો સુધી માર્ગ પર ભારે ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા.

# પ્રાંતિજમાં ખેતરવાળા મા મેલડી માતાજીનો તૃતીય પાટોત્સવ યોજાશે

પ્રાંતિજ, તા. ૨૫

પ્રાંતિજ રેલવે સ્ટેશન ઉપર આવેલ શ્રી ખેતરવાળા મા મેલડીજીનો તૃતીય પાટોત્સવ યોજાશે જેમાં માઈ ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ રેલવે ફાટક જી.ઈ.બી. ઓફીસ પાછળ આવેલ મા મેલડી માતાના મંદિર ખાતે તૃતીય પાટોત્સવ ૨૬-૨૭ બે દિવસનો કાર્યક્રમ યોજાશે. જેમાં પ્રથમ દિવસે આવેલ મહંતશ્રીઓના સન્માન, માતાજીની શોભાયાત્રા તથા રાત્રીના ૯.૩૦ કલાકે લોકડાયરાનું આયોજન કરેલ છે. જેમાં રાકેશ બારોટ, હિરલ રાવળ તેમજ સાથી કલાકારો દ્વારા ડાયરો યોજાશે.

જ્યારે બીજા દિવસે ૨૭-૧૦-૨૦૧૫ને મંગળવારના રોજ યજ્ઞ, પ્રાયશ્ચિત કર્મ, સ્થાપિત દેવોનું પૂજન, અગ્નિ સ્થાપન, મહાઅભિષેક, દેવી રાજોપચાર પૂજન, હોમ કર્મ સહિત કાર્યક્રમ યોજાશે. જ્યારે શ્રીફળ હોમ, મહાઆરતી, મહા પ્રસાદ સહિત ધાર્મિક કાર્યક્રમો યોજાશે. જ્યારે આ પ્રસંગે મહંત શ્રી ચંદ્રગીરીબાપુ, મહંત ગોસ્વામી ધનગીરીબાપુ, ગોસ્વામી મહેશગીરીબાપુ વગેરે ઉપસ્થિત રહેશે. જ્યારે શક્તિ ઉપાસક પંકજભાઈ રાવલ (જયમાડી) દ્વારા સન્માન કરવામાં આવશે જ્યારે પ્રાંતિજ તથા ગુજરાતભરમાંથી માઈ ભક્તો મા ના પાટોત્સવમાં ઉમટી પડશે.



## અરવલ્લી જિલ્લામાં યુવા મહોત્સવ યોજાયો

અરવલ્લી જિલ્લા રમતગમત કચેરી અને મોડાસાની શૈક્ષણિક રીતે મોખરાનું સ્થાન ધરાવતી મોડાસાની સર્વોદય હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે જિલ્લાનો દ્વિતિય યુવા મહોત્સવ યોજાયો હતો. સર્વોદય હાઈસ્કૂલના પટાંગણમાં યોજાયેલા યુવા મહોત્સવમાં જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆકે દિપ પ્રગટાવી વિધિવત શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપીનભાઈ શાહ, જિલ્લા શિણાધિકારી એ.પી. ઝાલા, જિલ્લા રમત-ગમત અધિકારી ડૉ. અશોક રાવલ, નાગરીક બેંકના ચેરમેન વિનોદચંદ્ર શાહ,મંડળના ઉપપ્રમુખ કનુભાઈ શાહ, જીવદયા પ્રેમી નિલેષભાઈ જોષી અને અમૃતભાઈ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. યુવા મહોત્સવમાં રજુ કરાયેલા ગીત, સંગીત, નૃત્ય, નાટ્ય લેખન સહિતની સર્જનાત્મક અભિનય જેવી કલા સ્પર્ધાઓમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર સ્પર્ધકોને પ્રદેશકક્ષાએ મોકલવામાં આવશે.

# પાલનપુરમાં જિલ્લા કોંગ્રેસ દ્વારા મોંઘવારીના મુદ્દે ધરણા યોજી જિલ્લા કલેક્ટરને આપ્યું આવેદનપત્ર

પાલનપુર, તા. ૨૫

આજે જિલ્લા મથક પાલનપુરમાં કોઝી ટાવર સામે જિલ્લા કોંગ્રેસ દ્વારા મોંઘવારીના મુદ્દે ધરણા યોજી જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું. સ્થાનિક સ્વરાજની ચૂંટણી જાહેર થવાની સાથે રાજકીય પક્ષો સક્રિય બની ગયા છે. છેલ્લા કેટલાય સમયથી વધતી જતી મોંઘવારીથી આમ પ્રજા પિસાઈ રહી છે. દાળ સહીત કઠોરના કમ્મર તોડ ભાવ વધારાને કારણે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોનું બજેટ ખોરવાઈ ગયું છે ત્યારે ભાજપ શાસિત કેન્દ્ર સરકારનો મોંઘવારીનો વિરોધ કરવા કોંગ્રેસને ચૂંટણી ટાણે લોકોની યાદ આવી છે.



આજે જિલ્લા મથક પાલનપુરમાં જિલ્લા કોંગ્રેસે કોજી ટાવર પાસે મોંઘવારીના મુદ્દે ધરણા યોજાયા હતા. હાય રે ભાજપના નારા સાથે સુત્રોચ્ચાર કરી કેન્દ્રની ભાજપ સરકારના શાસનનો વિરોધ કર્યો હતો તેમજ પ્રજા વિરોધી સરકારમાં સંગ્રહખોર અને કાળા બજારીયા ભાજપ સરકારની ભાગબટાઈ હોવાના પણ કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો. જો કે મોંઘવારીના મુદ્દે બે કલાક ધરણા યોજાયા બાદ કોંગ્રેસના આગેવાનોએ જિલ્લા કલેક્ટર દિલીપ રાણાને આવેદન પત્ર આપ્યું હતુ.

## હિંમતનગર બસ સ્ટેન્ડ સામે ટ્રકે રીક્ષાને ટક્કર મારતા ચાલકનું મોત

હિંમતનગર, તા. ૨૫

હિંમતનગરના મુખ્ય બસ સ્ટેન્ડ સામેથી શનિવારે રાત્રે પસાર થઈ રહેલી એક રીક્ષાને ટ્રકે ટક્કર મારતા રીક્ષા ચાલકનું ગંભીર ઈજાને કારણે ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જે અંગેની ફરિયાદ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે શનિવારે રાત્રે રીક્ષા નં. જીજે.૯.એક્સ.૫૦૭૫ના ચાલક છગનભાઈ બાબુજી વણઝારા બસ સ્ટેન્ડમાંથી રીક્ષા લઈને રોડ પર આવી રહ્યા હતા. દરમ્યાન સિવિલ સર્કલ તરફથી બેફામ ઝડપે આવતી ટ્રક નં. જીજે.૯.એક્સ.૮૫૯૦ના ચાલકે રીક્ષાને જોરદાર ટક્કર મારી હતી. જેથી રીક્ષાચાલક છગનભાઈ વણઝારા બહાર ફેંકાઈ ટ્રક સાથે અથડાયા હતા. જેથી તેમનું ગંભીર ઈજાને કારણે કરૂણ મોત નિપજ્યું હતું. જોકે અકસ્માત સર્જીને ટ્રકનો ચાલક ટ્રક મુકી ભાગી ગયો હતો. જે અંગે પોલીસને ખબર પડતા પી.એસ.આઈ. ડી.ડી. પરમાર સ્ટાફ સાથે દોડી આવ્યા હતા. ત્યારબાદ ભગાજી મેરાજી વણઝારાની ફરિયાદને આધારે બી-ડીવીઝન પોલીસે ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# અમલાઈ ગામે ૪૮ હજારનો વિદેશી દારૂ ઝડપાયો

મોડાસા, તા.૨૫

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના અમલાઈ ગામની સીમમાંથી પસાર થઈ રહેલી એક કારમાં લઈ જવાતા વિદેશી દારૂના જથ્થાને મોડાસા રૂરલ પોલીસે ઝડપી લીધો હતો જયારે આરોપી પોલિસને જોઈ કાર મુકી ત્યાંથી નાસી છૂટયો હતો. મોડાસા રૂરલ પોલિસે ૪૮ હજાર રૂપિયાનો ગેરકાયદેસર વગર પાસ પરમીટનો દારૂ ઝડપી પાડી ફરાર કારચાલક વિરૂદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.





મોડાસા તાલુકાના અમલાઈ ગામમાંથી પસાર થઈ રહેલી પૂરઝડપે હંકારાતી હોવાથી મોડાસા રૂરલ પોલિસે શંકાના આધારે ઝડપી પાડી તલાશી હાથ ધરતા કારમાંથી વિદેશી દારૂનો ગેરકાયદેસર પાસ પરમીટનો વિદેશી દારૂનો ૪૮ હજારનો માલ ઝડપી પાડયો હતો જેમાં વિદેશી દારૂની બોટલ નંગ ૧૪૪ કિંમત રૂ. ૧૪૪૦૦ તથા અન્ય વ્હીસ્કી બોટલ નંગ ૨૪ કિંમત રૂ. ૯૬૦૦ તેમજ બીયરના ટીન નંગ ૨૪૦ કિંમત રૂ. ૨૪૦૦૦ મળી કુલ ૪૮૦૦૦રૂ.નો વિદેશી દારૂ ઝડપી પાડયો હતો. મોડાસા રૂરલ પોલીસે વિદેશી દારૂ, કાર સહિત મુદ્દામાલ ૩.૪૮ લાખનો ઝડપી પાડી ફરાર કાર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અરવલ્લી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા મોટા પાયે કારમાંથી વિદશી દારૂ ઝડપી પાડવામાં સફળતા મળે છે પરંતુ આશ્ચર્યજનક રીતે કારના ચાલકને ઝડપવામાં પોલીસ મુખ્યત્વે નિષ્ફળ રહેતી હોવાથી જિલ્લાના પોલિસતંત્રની કાર્યવાહી સામે અનેક સવાલો જિલ્લાના પ્રજાજનોમાં ઉદભવે છે કે પછી પોલિસ દ્વારા બુટલેગરોને છાવરવામાં આવે છે એ પ્રશ્ન અનેક સવાલો પેદા કરે છે.

## ૬૫ વર્ષના આધેડનું હરણાવ જળાશયમાં ડૂબી જતા મોત

હિંમતનગર, તા. ૨૫

વિજયનગર તાલુકાના વણજ ગામના ૬૫ વર્ષના આધેડ હરણાવ ડેમમાં ન્હાવા પડ્યા હતા. જ્યાં તેમને ડુબી જતા કરૂણ મોત નિપજ્યું હતું. જે અંગે પરિવારજનોએ શોધખોળ આદરી હતી. પરંતુ તેમનો મૃતદેહ રવિવારે મળી આવતા વિજયનગર પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ વણજ ગામના નાનજીભાઈ ધુળાજી દામા (ઉં.વ.૬૫) ગત ૨૩ ઓક્ટોબરે હરણાવ જળાશયમાં ન્વાહા પડ્યા હતા. જ્યાંથી તેઓ ગુમ થતાં તેમના દિકરા પનાજી નાનજીએ પોતાના પિતાના ગુમ થવા બાબતે વિજયનગર પોલીસને જાણ કરી હતી અને શોધખોળ આદરી હતી. આ મામલે પોલીસે પણ શોધખોળ આદરી હતી. દરમ્યાન નાનજીભાઈ દામાનો મૃતદેહ રવિવારે સવારે હરણાવ ડેમમાં તરતો હોવાની માહિતી તેમના પરિવારજનોને મળતા પનાજીએ પોતાના પિતાનું ડેમમાં ડુબી જવાથી મોત થયાની વિજયનગર પોલીસમથકમાં જાણ કરતા પોલીસે આ અંગે કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી પરિવારજનોને સોંપી હતી.

## ગાંભોઈ પાસેથી બિનવારસી ટ્રકમાંથી ૩.૪૫ લાખનો દારૂ પકડાયો

શામળાજી-હિંમતનગર હાઈવે પર આવેલ ગાંભોઈ પાસેથી શનિવારે સાંજે આર.આર.સેલ ગાંધીનગરે એક બિનવારસી ટ્રકમાંથી રૂ. ૩.૪૫ લાખનો પાસ પરમીટ વિનાનો દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. ત્યારબાદ તે અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ટ્રકચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ગાંભોઈ પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શનિવારે સાંજે આર.આર.સેલ. ગાંધીનગરની ટીમ પેટ્રોલીંગ કરી રહી હતી ત્યારે એક હોટલ સામે રોડ પર ઉભેલી ટ્રક નં. પીબી.૦૫.જે.૯૯૧૩ની જડતી લેતા તેમાંથી ૯૬ પેટીમાં ભરેલ ૧૧૫૨ બોટલ મળી આવી હતી. જેથી પોલીસે રૂ. ૩.૪૫ લાખનો દારૂ અને ટ્રક મળી રૂ. ૧૧.૪૫ લાખનો મુદ્દામાલ કબજે લઈ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ટ્રકચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## પડુસણની યુવતીને ભગાડી જતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૫

તલોદ તાલુકાના પડુસણ ગામની એક યુવતીને ગત શુક્રવારે ગામનો જ એક શખ્સ લલચાવી ફોસલાવી ભગાડી ગયો હતો. જે અંગે તેણીની માતાએ શનિવારે તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી

આ અંગેની વિગત એવી છે કે પડુસણ ગામે રહેતા રણજીતસિંહ રાજુસિંહ ખાંટ ગામમાં રહેતા રાહુલકુમાર કાળુસિંહ ખાંટની બહેન અંકિતાબેનને લગ્ન કરવાના ઈરાદે લલચાવી ફોસલાવી ભગાડી ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો મળ્યો ન હતો. જેથી રાહુલકુમાર ખાંટે રણજીતસિંહ ખાંટ વિરૂદ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.